# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૦૮/૧૧/૨૦૧૬ ના રોજ જાહેરાત ક્રમાંકઃ ૮૭/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭ પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ છે. ઉક્ત અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને **General** કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) ને અંતે નીચે દર્શાવેલ સંવર્ગોમાં લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં વર્ણવ્યા મુજબની પ્રથમ તબક્કાની **MCQ** પદ્ધતિની **ઓન–લાઇન** સ્પર્ધાત્મક લેખિત કસોટી ગાંધીનગર ખાતે યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. અનિવાર્ય કારણોસર આ કાર્યક્રમમાં મંડળ ફેરફાર કરી શકશે.

| અ. નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પરીક્ષાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૮૮/૨૦૧૬૧૭ | આસીસ્ટન્ટ મશીનમેન | ૧૧-૧૨/૦૨/૨૦૧૭ (MCQ- ઓન-લાઇન) |
| ૨ | ૯૦/૨૦૧૬૧૭ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | |
| ૩ | ૯૧/૨૦૧૬૧૭ | આસીસ્ટન્ટ બાઇન્ડર | |
| ૪ | ૯૨/૨૦૧૬૧૭ | કોપી હોલ્ડર | |
| ૫ | ૯૪/૨૦૧૬૧૭ | પ્રોસેસ આસીસ્ટન્ટ | |

ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો સમય તથા કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ તેમજ રદ થયેલ અરજીપત્રકોની વિગતો (પરીક્ષા ફી ન ભરવાના કારણસર અને એક કરતાં વધુ અરજી કરેલ હોય તેવા કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક ગ્રાહ્ય રાખીને બાકીના અરજીપત્રકો ડુપ્લીકેશનના કારણસર) પરીક્ષાની તારીખના ૧૫ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળઃ- ગાંધીનગર

તા. ૦૯/૦૧/૨૦૧૭

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર